પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૪-૦૯-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 29 PRICE :-RS. 1.50 DATE : 24-09-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોનાના ટેસ્ટ વગર બોગસ રિપોર્ટ ઈશ્યૂ કરતી

## ખાનગી પેથોલોજી લેબોરેટરી સામે રાજ્યવ્યાપી તપાસના આદેશ




ગાંધીનગર,

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં કૉવિડ-૧૯ના એન્ટીજન કે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કર્યા વિના બોગસ રિપોર્ટ ઈશ્યૂ કરતી ખાનગી પેથોલોજી લેબોરેટરીઓ સામે કડકમાં કડક પગલાં લેવા આદેશો આપ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉપસ્થિતિમાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં આ વિષયે થયેલી ચર્ચા વિચારણાને અંતે ખાનગી લેબોરેટરીઓ સામે રાજ્યવ્યાપી તપાસના આદેશ આરોગ્ય વિભાગને આપ્યા છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ આ અંગેની વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, "યોગ્ય પરીક્ષણ વિના કૉવિડ - ૧૯ના બોગસ ટેસ્ટ રિપોર્ટ આપતી

ખાનગી લેબોરેટરીઓ સામે કડક કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચના મુખ્યમંત્રી અને નાયબ મુખ્ય તરફથી આપવામાં આવી છે. મીડિયામાં આજે પ્રસિદ્ધ થયેલા અહેવાલોની રાજ્ય સરકારે ગંભીરતા પૂર્વક નોંધ લીધી છે. સુરત મહાનગરપાલિકાએ સુરતની તેજસ લેબ સામે એપેડેમિક એક્ટ અંતર્ગત તાત્કાલિક કાર્યવાહી કરી છે. એટલું જ નહીં લેબનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, બોગસ રિપોર્ટ આપતી ખાનગી લેબોરેટરીઓ સામે પોલીસ કાર્યવાહી સહિતના કડક પગલાં લેવાના આદેશો આપી દેવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં ખાનગી લેબોરેટરીઓની તપાસ કરાશે. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાનગી લેબોરેટરીની આકસ્મિક તપાસ કરશે અને જિલ્લા કક્ષાની ટીમો પણ તાત્કાલિક ખાનગી લેબોરેટરીઓની મુલાકાત લઈને તપાસ કરશે.

ક્યાંય પણ ગેરરીતિ થયાનું કે બોગસ ટેસ્ટ રિપોર્ટ અપાયા હોવાનું ધ્યાને આવશે તો કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, રાજ્યની તમામ ખાનગી લેબોરેટરી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર પ્રમાણે કામગીરી કરે છે કે નહીં, તમામ લેબોરેટરીઓમાં ટેસ્ટિંગના રજીસ્ટરની યોગ્ય જાળવણી થાય છે કે નહીં, તમામ લેબોરેટરીઓમાં યોગ્ય પેથોલોજીસ્ટ ઉપલબ્ધ છે કે નહીં, તમામ લેબોરેટરીઓ બાયોમેડિકલ વેસ્ટનો કઈ રીતે નકિલ કરે છે, વગેરે અંગે કડક તપાસ હાથ ધરવાના આદેશો કરવામાં આવ્યા છે.

## ભારત-ચીન સરહદ પર સૈન્યબળ નહીં વધારવા સંમત



ન્યુ દિલ્હી,

પૂર્વ લદાખમાં તણાવ ઓછો કરવા માટે અનેક પગલાંની જાહેરાત કરતા ભારત અને ચીનની સેનાઓએ ફ્રન્ટ લાઈન પર વધુ સૈનિકો ન મોકલવાનો નિર્ણય લીધો છે. ભારત અને ચીનના સૈન્ય કમાન્ડરો વચ્ચે થયેલી છઠ્ઠા તબક્કાની વાતચીત સંગલ્ન ભારતીય સેના અને ચીની સેનાએ મંગળવારે મોડી સાંજે એક જોઈન્ટ સ્ટેટમેન્ટ આપ્યું અને કહ્યું કે વાસ્તવિક નિયંત્રણ રેખા પર સ્થિતિ સ્થિર કરવાના મુદ્દે બંને પક્ષોએ ઊંડાણપૂર્વક વિચારોનું આદાન પ્રદાન કર્યું અને બંને પક્ષ પોતાના નેતાઓ વચ્ચે બનેલી મહત્વપૂર્ણ સહમતિના ઈમાનદારીપૂર્વક અમલીકરણ પર સહમત થયા.

પૂર્વ લદાખમાં ગતિરોધ ખતમ કરવાના હેતુથી બંને દેશોના સૈન્ય કમાન્ડરો વચ્ચે સોમવારે ૧૪ કલાક સુધી બેઠક ચાલી હતી. નિવેદનમાં કહેવાયું કે બંને પક્ષ પરસ્પર સંપર્ક મજબૂત કરવા અને ગેરસમજ તથા ખોટા નિર્ણયથી બચવા પર સહમત થવાની સાથે ફ્રન્ટ લાઈન પર વધુ સૈનિક ન મોકલવા અને ગ્રાઉન્ડ સ્થિતિ એકતરફી રીતે ન બદલવા પર સહમત થયાં.

તેમાં કહેવાયું કે ભારતીય અને ચીની સેના સ્થિતિને વધુ જટિલ બનાવે તેવી કોઈ પણ કાર્યવાહીથી બચવા પર સહમત થઈ. આ સાથે જ બંને પક્ષ સમસ્યાઓને યોગ્ય ઢબે ઉકેલવા, સરહદી વિસ્તારોમાં જોઈન્ટ રીતે શાંતિ સુનિશ્ચિત કરવા માટે વ્યવહારિક પગલાં લેવા માટે સહમત થયાં. નિવેદનમાં કહેવાયું કે બંને પક્ષ જેમ બને તેમ જલદી કમાન્ડર સ્તરની સાતમા તબક્કાની વાતચીત માટે પણ સહમત થયા.

બંને દેશોના પ્રતિનિધિમંડળોએ સરહદ પર મે મહિનાની શરૂઆતથી ચાલી રહેલા તણાવને દૂર કરવા માટે ૧૦ સપ્ટેમ્બરના રોજ પાંચ પોઈન્ટની દ્વિપક્ષીય સમજૂતિના અમલીકરણ પર વિસ્તારથી વિચાર વિમર્શ કર્યો. એવું કહેવાય છે કે ભારતીય પ્રતિનિધિમંડળે ૧૦ સપ્ટેમ્બરના રોજ મોસ્કોમાં શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ની બેઠક ઉપરાંત વિદેશમંત્રી એસ જયશંકર તથા તેમના ચીની સમકક્ષ વાંગ યી વચ્ચે થયેલી સમજૂતિને નિશ્ચિત સમય મર્યાદામાં લાગુ કરવા પર ભાર મૂક્યો. સૂત્રોએ જણાવ્યું કે વાર્તાનો એજન્ડો પાંચ પોઈન્ટની સમજૂતિના અમલીકરણની નિશ્ચિત સમયમર્યાદા નક્કી કરવાનો હતો.

## ટાઈમ મેગેઝીનની ૧૦૦ પ્રભાવશાળી લોકોની યાદીમાં PM મોદીનો સમાવેશ



ન્યુ દિલ્હી/ન્યૂયોર્ક,

આંતરરાષ્ટ્રીય મેગેઝીન ટાઈમએ વર્ષ ૨૦૨૦ ના સૌથી પ્રભાવશાળી લોકોની સૂચિ બહાર પાડી છે. આ સૂચિ દર વર્ષે બહાર પાડવામાં આવે છે, જેમાં વિવિધ ક્ષેત્રના લોકો શામેલ છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વિશ્વના સૌથી અસરકારક નેતાઓની યાદીમાં સામેલ થયા છે.

વિશ્વભરના સો અસરકારક લોકોની સૂચિમાં, ટાઈમે આ વર્ષે લગભગ બે ડઝન નેતાઓના નામ શામેલ કર્યા છે, જેમણે કોઈક રીતે અથવા બીજા રીતે પ્રભાવ પાડ્યો છે. આ સૂચિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું નામ છે, જેઓ આ યાદીમાં સમાવિષ્ટ એકમાત્ર ભારતીય નેતા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ટાઈમની આ યાદીમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ, તાઈવાનની રાષ્ટ્રપ્રમુખ ત્સાઈ ઈંગ વેન, કમલા હેરિસ, જો બાઈડન, જર્મન ચાન્સલર એન્જેલા મર્કેલ સહિત દુનિયાભરના અનેક નેતા સામેલ છે. આ યાદીમાં સામેલ ભારતીય લોકોમાં બૉલિવૂડ એક્ટર આયુષ્માન ખુરાના, ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ, એચઆઈવી પર રિસર્ચ કરનારા રવિંદર ગુપ્તા અને શાહીન બાગ ધરણામાં સામેલ બિલ્કિસનું નામ પણ સામેલ છે.

ટાઈમે પોતાના મેગેઝિનના લેખમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિશે લખ્યું છે કે, "લોકશાહીમાં તેઓ સૌથી મોટા નેતા છે જેને સૌથી વધુ મત મળ્યા છે." લોકશાહીના ઘણા પાસાં છે જેમાં વિજેતા નેતાને મત ન આપનારાઓના હકની પણ વાત કરવામાં આવે છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે, જ્યાં દરેક ધર્મના લોકો રહે છે. '

સામયિકે લખ્યું છે કે, 'ભારતીય જનતા પાર્ટી રોજગારના વચન સાથે સત્તા પર આવી, પરંતુ તે પછી ઘણા વિવાદો સામે આવ્યા છે. જેમાં લઘુમતીઓ પર હુમલો થવાની ચર્ચા થઈ હતી અને તે પછી ભારત હવે કોરોના વાયરસ સંકટનો ભય સામે આવી રહ્યો છે. '

ટાઈમ મેગેઝિનમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, કમલા હેરિસ, જો બિડેન, એન્જેલા મર્કેલ, નેન્સી પોલોસી જેવા મોટા નેતાઓને તેમની સૌથી પ્રભાવશાળી નેતાઓની સૂચિમાં શામેલ કર્યા છે. આ યાદીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સિવાય ફક્ત એક ભારતીયનો સમાવેશ થાય છે, આ યાદીમાં બોલિવૂડ સ્ટાર આયુષ્માન ખુરાનાને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બધાંને શંકાના વર્તુળમાં લાવી દીધા. સશક્તિકણના વાયદા સાથે મોદી સત્તા પર આવ્યા હતા. પરંતુ તેમના શાસક પક્ષ ભાજપે મુસલમાનોને અળગા કરી નાખ્યા.

આયુષ્માન આ વર્ષની યાદીમાં સામેલ થનારો એકમાત્ર ભારતીય એક્ટર છે. નોંધનીય છે કે, આયુષ્માન ખુરાનાની ગણતરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી ટેલેન્ટેડ એક્ટર્સમાં થાય છે. તેણે વર્ષ ૨૦૧૨માં ફિલ્મ વિક્કી ડૉનરથી પોતાની એક્ટિંગ કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદથી તે સતત હિટ ફિલ્મો આપી રહ્યો છે. ૨૦૧૯માં આયુષ્માની ત્રણ ફિલ્મો આવી - આર્ટિકલ ૧૫, બાલા, ડ્રીમ ગર્લ. ત્રણેય ફિલ્મોના વખાણ થયા. આ પહેલા તેની ફિલ્મ અંધાધૂન અને બધાઈ હો આવી હતી. અંધાધૂન માટે આયુષ્માનને નેશનલ એવોર્ડ મળ્યો હતો.

## ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદ વધવાની શક્યતા

ગાંધીનગર,

ગુજરાતમાં હાલ કોઈ સ્ટ્રૉંગ સિસ્ટમ સક્રિય નહીં હોવાથી અતિભારે વરસાદની શક્યતા નહિવત છે. આજે છત્તીસગઢ પરનું હળવું દબાણ પશ્ચિમ મધ્યપ્રદેશ તરફ ખસવાની શક્યતાને પગલે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદ વધવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ છે. ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રૂપની બેઠક મળી હતી. આ બેઠક બાદ રાહત કમિશનરે જણાવ્યું હતું કે, હાલમાં ગુજરાત પર કોઈ સ્ટ્રૉંગ સિસ્ટમ સક્રિય ન હોઈ અતિભારે વરસાદ થવાની શક્યતા નહીવત છે.

પરંતુ છત્તીસગઢ પરનું હળવું દબાણ પશ્ચિમ મધ્યપ્રદેશ તરફ ખસવાની શક્યતાને પગલે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદ વધવાની શક્યતા છે. આ ઉપરાંત કેટલાંક સ્થળોએ ભારે વરસાદ પણ થઈ શકે છે. આ સિસ્ટમ નબળી પડવાની હોવાથી તારીખ ૨૪ સપ્ટેમબરથી વરસાદ ઘટવાની શક્યતા છે તેમજ ૨૫મી પછી વરસાદ નહીવત છે. વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં કુલ ૧૭૪ જળાશય હાઈએલર્ટ પર, ૭ જળાશય એલર્ટ તથા ૬ જળાશય વોર્નિંગ પર છે. છેલ્લા ત્રણ વર્ષનીસરારેશમાં રાજ્યમાં આ વખતે ૧૦૧.૫૬ ટકા વાવેતર થયું છે.

હવામાન વિભાગના મતે ગુજરાતભરમાં ૨૪ સપ્ટેમ્બરથી વરસાદની શક્યતા છે અને ૨૫ સપ્ટેમ્બરથી વરસાદ નહિવત રહેશે. ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રૂપના વેબિનાર બાદ રાહત કમિશનર હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યાર સુધી ૪૩.૧૩ ઈંચ વરસાદ નોંધાયો છે. જે પાછલા ત્રીસ વર્ષની રાજ્યની સરેરાશ ૩૨.૭૧ ઈંચ કરતાં ૧૩૧.૮૪ ટકા છે. હાલમાં ગુજરાતમાં કોઈ સ્ટ્રૉંગ સિસ્ટમ સક્રિય નહીં હોવાથી અતિભારે વરસાદની શક્યતા નહિવત છે.

## દશકાઓ સુધી કોંગ્રેસે જે સંબંધો બાંધ્યા તેને મોદી સરકારે તોડી નાખ્યાઃ રાહુલ




ન્યુ દિલ્હી,

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વાયનાડના સાંસદ રાહુલ ગાંધી દેશમાં પરત ફરી ચૂક્યા છે. તેઓ પોતાની માતા સોનિયા ગાંધીની સારવાર માટે તેમની સાથે વિદેશ ગયા હતા. આ દરમિયાન રાહુલ ગાંધી સોશિયલ મીડિયા દ્વારા લોકો સાથે સંકળાયેલા હતા. તેઓ અવારનવાર ટ્વિટર દ્વારા મોદી સરકાર પર પ્રહાર સાધતા રહ્યા છે. થોડા સમય અગાઉ તેમણે સરકાર પર આંતરરાષ્ટ્રીય સંબંધો મામલે પ્રશ્ન કરતા પ્રહાર કર્યો છે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું કે, મિસ્ટર મોદીએ સંબંધોના એ જાળાને નષ્ટ કરી દીધો છે, જે સંબંધોને કોંગ્રેસે કેટલાય દશકાઓ સુધી મહેનત કરીને બનાવ્યો હતો. પડોશમાં મિત્રો વગર રહેવું ખતરનાક છે. રાહુલ ગાંધીએ એક અહેવાલનો ઉલ્લેખ કરતા આ ટ્વીટ કર્યુ છે. આ અહેવાલ બાંગ્લાદેશના ભારત સાથેના સંબંધોના નબળા થવા અને ચીન સાથેના સંબંધોના મજબૂત થવા પર હતા.

રાહુલે આ અગાઉ કૃષિ બિલના મામલે મોદી સરકાર પર પ્રહાર કરતા ટ્વીટ કર્યું હતું. કૃષિ બિલોને રાજ્યસભામાંથી પસાર થયા બાદ રાહુલે ટ્વીટ કર્યું હતું કે, જે ખેડૂત ધરરતીમાંથી સોનું ઉગાડે છે, મોદી સરકારનો અહંકાર તેમને જ લોહીના આંસુએ રોવડાવે છે. રાજ્યસભામાં આજે જે પ્રમામે કૃષિ બિલના સ્વરૂપમાં સરકારે ખેડૂતો વિરુદ્ધ મોતનું ફરમાન નિકાળ્યું છે તેનાથી લોકતંત્ર શરમમાં મુકાયું છે. કોરોનાના વધતા જતા કેસોના મામલે પણ સરકાર પર પ્રહાર કર્યો હતો.

## કોઈ ગેરેન્ટી નથી કે કોરોનાની રસી કામ કરશે કે નહિંઃ WHO




જિનિવા,

કોરોના વાયરસથી છૂટકારો મેળવવા માટે દુનિયાભરના લોકો કોરોના રસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પણ આ વચ્ચે વેક્સિનને લઈ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેને એક ઝટકો આપ્યો છે. WHOના પ્રમુખ ટ્રેડોસ અધનોમે એક નિવેદનમાં કહ્યું કે, કોવિડ ૧૯ માટે જે વેક્સિન પર કામ ચાલી રહ્યું છે, તેની કોઈ ગેરંટી લઈ શકાતી નથી કે તે કામ કરશે કે નહીં.

WHOના ચીફે એક વર્ચ્યુઅલ પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે, અમે તેની કોઈ ગેરંટી નથી આપી શકતાં કે દુનિયાભરમાં જે વેક્સિન વિકસિત કરવામાં આવી રહી છે, તે વાસ્તવમાં કામ કરશે. અમે અનેક વેક્સિન કેન્ડિડેટ્સને ટેસ્ટ કરીએ છીએ. વધારે આશા એ છે કે, આપણને એક સુરક્ષિત અને પ્રભાવશાળી વેક્સિન મળી જશે. આગળ તેઓએ કહ્યું કે, અત્યારે લગભગ ૨૦૦ વેક્સિન ક્લિનિકલ અને પ્રી ક્લિનિકલ ટેસ્ટિંગમાં છે. વેક્સિન નિર્માણનો ઈતિહાસ આપણને જણાવે છે કે અમુક વેક્સિન સફળ રહે ઠે તો અમુક નિષ્ફળ પણ રહે છે.

જણાવી દઈએ, WHOએ ગ્લોબલ વેક્સિન એલાયન્સ ગ્રૂપ, GAVI અને એપિડેમિક્સ પ્રીપેયર્ડનેસ ઈનોવેશન્સ માટે ગઠબંધન (CEPI)ની સાથે મળીને એક મિકેનિઝમ તૈયાર કર્યું છે. જેથી ભવિષ્યમાં જરૂરિયાતમંદ દેશોને સમાન રીતે વેક્સિન ઉપલબ્ધ કરાવી શકાય. ઉર્ઁએ પોતાની આ યોજનાને કોવેક્સ નામ આપ્યું છે. WHO ચીફે કહ્યું કે, કોવેક્સ મારફતે સરકાર ન ફક્ત પોતાના વેક્સિન ડેવલપમેન્ટનો પ્રચાર કરી શકશે, પણ તે દેશમાં લોકોને એક પ્રભાવશાળી વેક્સિન પણ મળી શકશે.

## ભારતના સેટેલાઈટ કોમ્યુનિકેશન પર પણ ચીને સાયબર એટેક કર્યો હતો



ન્યુ દિલ્હી/વૉશિંગ્ટન,

અમેરિકા સ્થિત ચાઈના એરોસ્પેસ સ્ટડીઝ ઈન્સ્ટિટ્યુટ નામની થિંક ટેકે દાવો કર્યો છે કે, ભારતના સેટેલાઈટ કોમ્યુનિકેશન પર પણ ચીને ૨૦૧૭માં સાયબર એટેકનો પ્રયત્ન કર્યો હતો.

આ ચોંકાવનારો ખુલાસો ત્યારે થયો છે જ્યારે સરહદ પર ભારત અને ચીન વચ્ચે ટકરાવની સ્થિતિ સર્જાયેલી છે.સીએએસઆઈનુ કહેવુ છે કે, છેલ્લા ૧૩ વર્ષથી ભારત પણ ચીન દ્વારા સતત સાઈબર એટેક કરવામાં આવી રહ્યો છે.ઈસરોનુ પણ માનવુ છે કે, સેટેલાઈટ કોમ્યુનિકેશન સામે સાયબર એટેક મોટો ખતરો બની શકે છે.જોકે હજી સુધી હેકર્સના પ્રયત્નો સફળ થયા નથી.

સંસ્થાના ૧૪૨ પેજના રિપોર્ટમાં કહેવાયુ છે કે, ૨૦૧૨ થી ૨૦૧૮ની વચ્ચે ચીને સંખ્યાબંધ વખત ભારતીય નેટવર્ક પર સાયબર એટેકને અંજામ આપવાની કોશિશ કરી હતી.૨૦૧૨માં તો ભારતની જેટ પ્રપોલ્શન લેબોરેટરી ચીનના નિશાના પર હતી.ચીન આ હુમલા થકી તેના નેટવર્ક પર કંટ્રોલ મેળવવાની કોશિશ કરી રહ્યુ હતુ.

ભારતની સ્પેસ રિસર્ચ સંસ્થા ઈસરોનુ કહેવુ છે કે, ઈસરોના નેટવર્ક હેક કરવાના પ્રયાસો તો થયા છે પણ આ પ્રયાસો હજી સુધી સફળ થયા નથી.ઈસરો પાસે એવી સિસ્ટમ છે જે હેકિંગનો પ્રયાસ થાય કે તરત જ એલર્ટ આપી દે છે.

## વડાપ્રધાન આજે ફિટ ઈન્ડિયા ડાઈલૉગ અંતર્ગત લોકો સાથે સંવાદ કરશે

ન્યુ દિલ્હી,

'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ'ની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય સ્તરે ગુરુવારે યોજાનારા 'ફિટ ઈન્ડિયા ડાઈલોગ' દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફિટનેસથી પ્રભાવિત લોકો અને નાગરિકો સાથે ચર્ચા કરશે. ઓનલાઈન ચર્ચા દરમિયાન મોદી તેમની ફિટનેસની સફર તથા સ્વાસ્થ્યવર્ધક જીવન અંગે પોતાના મંતવ્ય રજૂ કરશે, એમ એક સત્તાવાર નિવેદનમાં મંગળવારે જણાવાયું હતું. આ કાર્યક્રમમાં ક્રિકેટર વિરાટ કોહલી, મોડલ મિલિંદ સોમન, ન્યૂટ્રિશનિસ્ટ રુતુજા દિવેકર તથા અન્ય હસતીઓ ભાગ લેશે.

કોરોના મહામારી દરમિયાન જીવનમાં ફિટ રહેવાનું મહત્ત્વ સમજાઈ રહ્યું છે ત્યારે આ ચર્ચાને મહત્ત્વની ગણવામાં આવી રહી છે. આ ચર્ચામાં કોઈ પણ એનઆઈસીની વેબસાઈટ લિંક દ્વારા ભાગ લઈ શકશે. ૨૪મી સપ્ટેમ્બરે સવારે ૧૧.૩૦ કલાકથી ચર્ચા શરૂ થશે.


અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
શ્રી શ્રેયસ સહકારી ગ્રા.ભંડાર
તરફથી અભીનંદન....
મુ. વણઝારવાડ,
તા. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ ભરત નવનીતલાલ
તરફથી અભીનંદન....
મુ. પડાવ રોડ,
તા. દાહોદ

# મહીસાગર જિલ્લામાં આજે ૧૩ પોઝિટિવ કોરોના પોઝીટીવ કેસ : કુલ ૯૫૭ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.



મહીસાગર જિલ્લામાં આજે ૧૩ કોરોના રીપોર્ટ પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લામાં કોરોના (COVID 19) ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૩–૦૯–૨૦૨૦ ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૯૫૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી ૦૬ (છ) દર્દીઓ કોરોનાને મ્હાત આપીને સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૮૦૬ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૩૯ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૪૭૫૪૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૭૦ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૯ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૬ દર્દી હોમ આઇસોલેશન, ૧૬ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૧૨ દર્દી SDH સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લાઓમાં સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૦૭ દર્દીઓ સ્ટેબલ અને ૦૩ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દી વેન્ટીલેટર પર છે.

## સંતરામપુર તાલુકાના આંબા ગામ પાસેથી પસાર થતાં બાઈક ચાલકને ઈસમે રોકી મારમારી ૪૬૦૦/-રૂપીયા લુંટ કર્યાની ફરિયાદ

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના આંબા ગામ પાસેથી બાઈક ઉપર પસાર થતાં બાઈક ચાલકને ઈસમે લાકડી બરડામાં મારી હતી અને ઝપાઝપી કરી પેન્ટના ખિસ્સામાંથી ૪૬૦૦/–રૂપીયા લુંટ કરી હતી. બાઈક ચાલક પોતાનું બાઈક છોડી અન્ય વાહનમાં સંતરામપુર પોલીસ મથકે પહોંચ્યા હતા અને બનેલ લુંટની ઘટના અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે લુંટનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સંતરામપુર ખાતે કામ અર્થે ગયેલ નિરંજનભાઈ પોતાનું કામ પૂર્ણ થતાં બાઈક લઈને સંતરોડવાળા રોડ ઉપરથી ગોધરા તરફ આવી રહ્યા હતા. તે દરમ્યાન આંબા ગામની નિશાળ પાસે અમરસિંહ સવજીભાઈ પલાસ હાથમાં લાકડી લઈને ઊભો હતો. નિશાળ પાસે બમ્ફ આવતાં નિરંજનભાઈ એ બાઈક ધીમી પાડી હતી. ત્યારે અમરસિંહ પલાસ નામના ઈસમે બાઈક ચાલકને બરડામાં લાકડી મારતાં નીચે પડી ગયા હતા. નિરંજનભાઈ અને ઈસમ વચ્ચે ઝપાઝપી કરી હતી અને પેન્ટના ખિસ્સામાંથી ૪૬૦૦/– રૂપીયાની લુંટ કરી લીધી હતી. નિરંજનભાઈ રાત્રીનો સમય હોવાથી બાઈક સ્થળ ઉપર છોડીને દોડતા દોડતા ડોળી પીકઅપ સ્ટેન્ડ સુધી પહોંચ્યા હતા અને ત્યાંથી કોઈ વાહન મારફતે સંતરામપુર પોલસ મથકે પહોંચીને આંબા ગામ પાસે બનેલ લુંટની ઘટના અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે લુંટનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર કેનપુર ખાતે રકતદાન કેમ્પ યોજાયો

લુણાવાડા,

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લામાં અવાર–નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં વાંકડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

કેનપુર ખાતે ડો. સુનીલપરમાર અને સીએચઓ ડો. સુરેખાબેન ખાંટતેમજ આરોગ્ય કેન્દ્રની ટીમ તેમજ રેડ ક્રોસ સોસાયટીની ટીમ દ્વારા ગઇકાલે તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ ટ્રાયબલ વિસ્તારમા રક્તદાન કેમ્પ યોજાઇ ગયો.

આ રકતદાન કેમ્પમાં ૨૧ જેટલા રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રક્તદાન–મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો. આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનના દિશાનિર્દેશોનું પાલન અને ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રક્તદાન કરાવવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં રક્તદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રક્તદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઇ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રક્તદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂ આયોજન કર્યું હતું. સાથે આ રક્તદાન કેમ્પમાં રક્તદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ રક્તદાન કેમ્પમાં ૨૧ યુનિટ બ્લડ કલેક્શન કરવામાં આવ્યું હતું. રક્તદાન એ શ્રેષ્ઠ મહાદાન છે જે કોરોનાના દર્દી, એનેમિક સગર્ભા બહેનો અને થેલેસેમિયાના દર્દીઓને પણ જરૂર પડે તો આ સંગ્રહ કરેલ રક્તનો પ્રવાહ પહોંચાડી શકાય તે માટે કોરોના મહામારીના સમય વચ્ચે પણ આ રકતદાન કેમ્પ જન ઉપયોગી બની રહ્યો હતો.

## સંતરામપુરના માલપુર મેવડા ગામે કડાણા ડેમ નજીક ડુબેલ યુવાનનો મૃતદેહ ત્રીજા દિવસે મળ્યો

સંતરામપુર,

માલપુર તાલુકાના મેવડા ગામના કડાણા ડેમનો નજારો જોવા માટે આવેલા કેટલાંક યુવાનો ડેમના નીચવાસમાં નદી કિનારે ભારે વ્હેણમાં ન્હાવા માટે પડ્યા હતા. જેમાં એક યુવાન ડુબી ગયો હતો. તેની ભારે શોધખોળ હાથ ધરાઈ હતી. શોધખોળના ત્રીજા દિવસે યુવાનની મહીના પાણીમાં લાશ મળી આવી હતી.

કડાણા ડેમના હાઈડ્રો યુનિટ ચાલુ હોવાથી નદીમાં પાણીનો પ્રવાહ છોડાય છે. ડેમના નીચાણવાળા વિસ્તારમાં મહી નદીમાં સતત ભારે વ્હેણ જોવા મળે છે.

માલપુર તાલુકાના મેવડા ગામના કેટલાંક યુવાનો ત્રણ દિવસ પહેલા ડેમ નિહાળવા આવ્યા હતા. અહિં કેટલાંક યુવાનો ન્હાવા માટે પડ્યા હતા. જે પૈકીનો પરમાર પ્રફુલકુમાર જયંતભાઈ નામનો ૨૦ વર્ષિય યુવાન પાણીમાં ડુબી જતા સ્થાનિક તરવૈયાઓ અને બચાવ ટીમ શોધખોળમાં જોડાઈ હતી. પાણીમાં ડુબી જનાર પરમાર પ્રફુલકુમાર ની લાશ ત્રણ દિવસ બાદ સવારે દસ વાગ્યાના સુમારે ધોડિયાર પુલથી ૨૦૦ મીટર આગળ મહી નદીના પાણીમાંથી મળી આવી હતી. સંતરામપુર, કડાણા અને લુણાવાડા તરવૈયાઓ સતત ત્રણ દિવસથી મહી નદીના પ્રવાહમાં ડુબી ગયેલા યુવાનની શોધખોળ કરી રહ્યા હતા.

# મુંબઈમાં અનારાધાર વરસાદ: ૧૧ ઈંચ વરસાદથી શહેર પાણી-પાણી

મુંબઈ,

મુંબઈમાં મોડીરાતથી પડી રહેલા ભારે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હોવાના અહેવાલ મળી રહ્યાં છે. ત્યારે અનેક લોકો રેલવે સ્ટેશન પર પણ ફસાયા છે.

મુંબઈમાં ભારે વરસાદના કારણે અનેક સ્થળોએ પાણી ભરાયાં છે. દાદર, કુર્લા સ્ટેશન, ચેમ્બુરમાં સોસાયટીમાં પાણી ભરાયા છે. ગોરેગાવ, સાયન રેલવે સ્ટેશનમાં પણ પાણી ભરાયું છે. ભારે વરસાદને કારણે સેન્ટ્રલ રેલવેની ૪ લાઈન ઠપ જોવા મળી છે. જો કે હવામાન વિભાગના જણાવ્યાં મુજબ આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મંગળવારે સાંજથી બુધવાર સવાર સુધીમાં ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે એટલે કે ૨૮૬.૪ મીમી વરસાદ થયો છે. ૨૪ કલાકનાં આ મુશળધાર વરસાદને કારણે છેલ્લા ૨૬ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે.

હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર, આ વરસાદ ૨૬ વર્ષ (૧૯૯૪-૨૨૦૨૦) માં ૨૪ કલાકનો સપ્ટેમ્બરનો બીજો સૌથી મોટો વરસાદ છે. આ સિવાય, ૧૯૭૪ સુધીનો રેકોર્ડ જોઇએ તો સપ્ટેમ્બરમાં ૨૪ કલાકનો ચોથો સૌથી મોટો વરસાદ છે. વળી મંગળવારે સવારે ૮.૩૦ થી બુધવારે સવારે ૮.૩૦ સુધી,



સાંતાક્રૂઝ વેધર સેન્ટરમાં ૨૭૩.૬ મીમી, જ્યારે દક્ષિણ મુંબઈનાં કોલાબા સેન્ટરમાં ૧૨૨.૨ મીમી વરસાદ નોંધાયો હતો.

મહારાષ્ટ્રમાં મુંબઈના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ ખાબક્યો છે. જેને લઈને નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયેલા જોવા મળ્યાં છે. મંગળવારે મુંબઈના ગોરેગાવ વિસ્તારમાં ભારે વરસાદના કારણે રોડ પર પાણી ફરી વળ્યાં છે. આમ ભારે વરસાદના પગલે રેલવે ટ્રેક પર પાણી ફરી વળતાં લોકલ ટ્રેન અને બસ સેવા પ્રભાવિત થઈ છે.

મુંબઈમાં થયેલ ભારે વરસાદના કારણે સાયન રેલવે સ્ટેશન પર યાત્રીઓ ફસાઇ ગયા, સતત પડી રહેલા અવિરત વરસાદના કારણે પરિસ્થિતિ એવી થઇ ગઇ કે પ્લેટફોર્મ સુધી પાણી આવી ગયેલું જોવા મળ્યું. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

## DRDOને મોટી સફળતા, લેસર ગાઈડેડ એન્ટી ટેન્ક મિસાઈલનુ સફળ પરિક્ષણ

બાલાસોર,

ભારતના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા સ્થાનિક પૂર્જા દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસ ફાઇટર ડ્રોનના ટેસ્ટિંગને સફળતા મળી હતી. ઓરિસાના બાલાસોર વિસ્તારમાં અભ્યાસનું સફળ ટેસ્ટિંગ થયું હતું. એ સાથે ભારતીય લશ્કરને નવી તાકાત મળી હતી એમ કહી શકાય. DRDO દ્વારા તૈયાર કરાયેલા અભ્યાસ-હાઈસ્પીડ એક્સપેન્ડેબલ એરિયલ ટાર્ગેટનો ફ્લાઈટ ટેસ્ટ મંગળવારે કરાયો હતો. દેશના સંરક્ષણ પ્રધાને DRDOને અભિનંદન આપતાં ટ્વીટ કરી હતી કે DRDOએ બાલાસોરમાં અભ્યાસ-હાઈસ્પીડ એક્સપેન્ડેબલ એરિયલ ટાર્ગેટ ફાઈટર ડ્રોનનું સફળ ટેસ્ટિંગ કરીને એક નવો સીમાસ્તંભ સ્થાપિત કર્યો હતો. એનો ઉપયોગ વિવિધ મિસાઈલ્સના મૂલ્યાંકન માટે એક ટાર્ગેટર રૂપે કરી શકાશે. DRDOના એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા આ ડ્રોન તૈયાર કરાયા હતા. ટ્વીન અન્ડરસ્લેન્ગ બૂસ્ટર દ્વારા એને લોંચ કરી શકાય છે. આ સાધન સંપૂર્ણપણે સ્વદેશી કાચી માલસામગ્રી દ્વારા તૈયાર કરાયું હતું. માઈક્રો-ઈલેક્ટ્રો-મિકેનીકલ સિસ્ટમ દ્વારા એ સંચાલિત થાય છે. એની ઊર્જા એક ઈનલાઈન નાનકડા ગેસ ટર્બાઈન એંજિન દ્વારા મળતી રહે છે. આ ડ્રોનનો ઉપયોગ જામર પ્લેટફોર્મ અને ડિકોય તરીકે પણ કરી શકાય છે.

## નર્મદા ડેમમાંથી ૨.૩૦ લાખ ક્યૂસેક પાણી છોડાયુ, ગોલ્ડન બ્રિજ વોર્નિંગ લેવલે પહોંચે તેવી શક્યતા



ભરૂચ,

ઉપરવાસમાંથી પાણીની આવકના પગલે નર્મદા ડેમની સપાટી ૧૩૬.૭૮ મીટરે પહોંચી છે. નર્મદા ડેમના ૧૦ ગેટ ૧.૫ મીટર સુધી ખોલીને ૨.૩૦ ક્યૂસેક પાણી છોડાઈ રહ્યું છે. જેને પગલે ગોલ્ડન બ્રિજે નર્મદા નદીની સપાટી ૧૮ ફૂટે પહોંચી છે. ડેમમાંથી ૪ લાખ ક્યૂસેક પાણી છોડવાની સંભાવનાને લઈને ગોલ્ડન બ્રિજે નર્મદાની સપાટી ૨૨ ફૂટના વોર્નિંગ લેવલને વટાવે તેવી શક્યતા છે. નદીમાં પાણીની સપાટી વધવાને પગલે વડોદરા, નર્મદા અને ભરૂચ જિલ્લાના ૫૨ ગામને એલર્ટ કરવામાં આવ્યા છે. નર્મદા ડેમ ખાતે સીએચપીએચના ૫ ટર્બાઈન અને આરબીપીએચના ૬ ટર્બાઈન હાલ ચાલુ છે.

નર્મદા કાંઠાના ઝઘડિયા, અંકલેશ્વર, ભરૂચ અને વાગરાના નદી કાંઠાના ૨૩ ગામોને અલર્ટ રહેવા તાકીદ કરીને ગામના તલાટી તેમજ સંરપચ સ્થિતિ પર નજર રાખવા તંત્રે સૂચના આપી છે. સરદાર સરોવર જળાશયમાંથી ક્રમશઃ ૪ લાખ ક્યૂસેક પાણી છોડવાની જાણકારી નર્મદા નિગમ દ્વારા વડોદરા જિલ્લા વહીવટી તંત્રને આપવામાં આવી છે. ભરૂચ જિલ્લા ચાર તાલુકાઓના સંબંધિત પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને પોલીસ તંત્રને કાંઠાના ગામો અને ખાસ કરીને આ ગામોના નીચાણ વાળા વિસ્તારોમાં વિશેષ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

વડોદરા જિલ્લામાં નર્મદા નદી શિનોર, ડભોઈ અને કરજણ તાલુકામાંથી પસાર થાય છે. આ પૈકી કરજણ તાલુકાના પુરા, આલમપુરા, લીલાઈપુરા, નાની અને મોટી કોરલ તેમજ જૂના શાયર ગામ, ડભોઈ તાલુકાના ચાંદોદ, કરનાળી અને નંદેરિયા અને શિનોર તાલુકાના મઢી દેવસ્થાન, અનસૂયા મંદિર, માલસર અને બરકાલ નર્મદા કાંઠે આવેલા છે. સંબંધિત ગામોના સરપંચો અને તલાટીઓને પણ તમામ પ્રકારની તકેદારી રાખવા જણાવવામાં આવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૪-૯-૨૦૨૦, ગુરૂવાર, અધિક આસો સુદ-૮
સૂર્યોદય-૬-૩૭, સૂર્યાસ્ત-૬-૪૦, જૈન નવકારશી-૭-૨૫,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૧૪થી અભિજીત-૧૩-૦૩ સુધી, ૬-૩૭થી શુભ-૮-૦૮ સુધી, ૧૧-૦૮થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૯ સુધી, ૧૭-૧૦થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૩૭થી ૭-૩૮ સુધી, ૯-૩૮થી ૧૨-૩૯ સુધી, ૧૩-૩૯ થી ૧૪-૩૯ સુધી, ૧૬-૩૯થી ૧૯-૪૦ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૪.૦૯.૨૦૨૦ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- ભૌતિક સુખ મેળવવાના પ્રયત્નો ફળવાના તમો ખૂબ જ મહેનતું છો. કયારેક ઉતાવળ કરી બેસો છો.

વૃષભ(બ.વ.ઉ.) :- નાણાકીય બાબતો ઉપર તમારે કોઇના ભરોષે નિર્ણયો ન લેવા લાગણીઓને કાબુમાં રાખવી જરૂરી રહે.

મિથુન(ક.છ.ઘ.) :- ન ધારેલી તક મલવાની છે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો વિદેશથી લાભ મલે સંગીત કલાક્ષેત્રે સફળતા મલવાની.

કર્ક(ડ.હ.) :- આળસવૃત્તિ તમારી પ્રગતિને અવરોધે તેનું ધ્યાન રાખજો દરીયાઇ જગ્યાએ કરવા જવાની તક મલવાની.

સિંહ(મ.ટ.) :- સફળતા માટે સ્વભાવમાં પરિવર્તન કરવાની જરૂર છે તે બાબતનો અહેસાસ થાય પ્રતિષ્ઠા વધવાની છે.

કન્યા(પ.ઠ.ણ.) :- બીજાના પ્રશ્નો સમજવાની કોશીષ કરવાની જરૂર છે. શેર સટ્ટામાં સમજદારી કેળવજો નવી ઓળખાણથી લાભ.

તુલા(ર.ત.) :- વધુ પડતી લાગણીઓને લઈને કોઈ તકલીફો ઉભી ન થાય તેનું ધ્યાન રાખજો કર્જ ન કરવું.

વૃશ્ચિક(ન.ય.) :- સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્નોમાં રાહત રહે. વિજાતીય સંબંધો ગાઢ બને નોકરીમાં અનુકુળતા રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- દિવસ દરમ્યાન નવી ઓળખાણથી લાભ રહે. વિચારો પ્રબળ બને રાજકીય લાભ રહે.

મકર(ખ.જ.) :- કિંમતી ચીજવસ્તુની ખરીદી થાય પરિવારના સભ્યોની જરૂરીયાતો વધે વિદેશથી લાભ

કુંભ(ગ.શ.સ.) :- વ્યકિતગત જીવનમાં સમસ્યાઓ ઉભી ન થાય તેનું ધ્યાન રાખવું -સંસ્થામાં સારો હોદ્દો મલે.

મીન(દ.ચ.ઝ.) :- દિવસ દરમ્યાન અગ્રગણ્ય વ્યકિતઓના મુલાકાત થાય પરિવારના ઉત્સાહનો માહોલ છવાયેલો રહે.

## દેશમાં કુલ કેસનો આંકડો ૫૬.૪૬ લાખને પાર, ૯૦૦૦૦ હજારથી વધુના મોત

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮૩,૫૨૭ પોઝિટિવ કેસ નોંધાયા: ૧૦૮૫ના મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ પૂર ઝડપે ફેલાઈ રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બ્રાઝીલને પાછળ છોડીને બીજા સ્થાન પર પહોંચી ગયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૩,૫૨૭ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ



સંખ્યા ૫૬,૪૬,૦૧૦ સુધી પહોંચી ગઈ છે.

દેશમાં સતત છેલ્લા પાંચ દિવસથી કોરોના વાયરસના સંક્રમણમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા નવા નોંધાતા સંક્રમિતોના કેસો કરતા વધારે નોંધાઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૮૯,૭૪૬ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૪૫૮૭૬૧૩ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવારે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૯૭૫૮૬૧ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૧૦૮૫ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૯૦૦૨૦ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૮૦.૮૫ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૩૧૫૬૬૩૫૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૯૬૯૮૧૧ લોકોના મોત નિપજયા છે જયારે ૨૧૭૧૪૧૭૭ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૮૮૮૨૩૭૦ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### દાહોદના ડોક્ટરોએ મીરાં અને બાળકોને સ્વસ્થ કર્યા

# સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસે પરિવારને શોધીને મીરાં સાથે મોહનનો મેળાપ કરાવ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

નશીબ ઘણી વખત વ્યક્તિની ક્રૂર પરીક્ષા લેતું હોય છે પણ આ પરીક્ષામાંથી હેમખેમ પાર ઉતારવા કેટલાંક સજ્જનોની સહાય પણ મળી જતી હોય છે. આજે આવી જ એક પરીક્ષામાંથી પસાર થયેલા પરિવારની વાત કરવાની છે.

માનસિક રીતે અસ્વસ્થ એક બહેન નામ મીરાં (કાલ્પનિક નામ), પોતાના ૪ બાળકો સાથે જેમની ઉંમર અનુક્રમે પાંચ, છ, સાત, આઠ વર્ષ સુધીની છે. ઘરથી કોઈને પણ કહ્યાં વિના મુંબઈ જવા નીકળી ગયાં. મુંબઈ એટલા માટે કે તેમના પતિ રોજગારી માટે મુંબઈ ગયા હતા. પણ મીરાં બાળકો સાથે બેસી ગયા બિહારની ટ્રેનમાં. થયું એવું કે ગુજરાતનું દાહોદ આવ્યું ત્યારે મીરાંને ભાન થયું કે તેઓ ખોટી ટ્રેનમાં ચઢી ગયા હોય દાહોદમાં જ ઉતરી ગયા. માનસિક રીતે અસ્વસ્થ મીરાં ભારે દ્વિધા સાથે બે દિવસ દાહોદમાં જ ફરતા રહ્યાં. તેમને એવું કશું ભાન નહી કે કોઈની મદદ લઉં કે કોઈને પૂછું કે શું કરવું. પાછું મીરાંની માતૃભાષા કશ્મીરી હતી.

એક સજ્જન વ્યકિતને દાહોદ શહેરમાં આ અજાણી મહિલાને આ રીતે બાળકો સાથે ફરતા જોઈ અભયમ ટીમને જાણ કરી. અભયમ ટીમ તાત્કાલિક આ બહેન અને બાળકોને દાહોદના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લઈ આવ્યા. સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓએ પહેલું કામ આ પાંચે જણાનો કોરોના ટેસ્ટ કરાવવાનું કર્યું.

કોરોના સંક્રમણની આ સ્થિતિમાં મુસાફરી તો જોખમી હોય અને આ બહેન અને તેમના બાળકો ઘણી જગ્યાએ કોઈ પણ સુરક્ષા વગર ફરી રહ્યાં હોય તેમને કોરોનાનું સક્રમણ લાગ્યું હતું. નાની પાંચ વર્ષની બાળકી સિવાય ચારે જણાના રિપોર્ટ પોઝિટિવ આવતાં તેમને દાહોદના કોવીડ કેર સેન્ટર ખાતે રાખવામાં આવ્યા. જો કે માતા સહિત ત્રણે બાળકોને નજીવા લક્ષણો જ જણાતા હોય સઘન સારવાર મળતાં ઝડપથી તેઓ સ્વસ્થ પણ થઈ ગયાં.

આ તરફ સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફે કોરોનાના દર્દીઓ સાથે સીધા સંપર્કમાં આવતા તેમનો પણ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો. આ ટેસ્ટ નેગેટિવ આવ્યો. છતાં પણ અમુક દિવસ તેમને હોમ કવોરન્ટાઈન રહેવાની ફરજ પડી. દરમિયાન સખી વન સ્ટોપ સેન્ટરને પૂરૂં સેનેટાઈઝ કર્યા બાદ બાકીનો સ્ટાફ જેઓ આ પરિવારના સીધા સંપર્કમાં નહોતા આવ્યા તેમણે મીરાંના પરિવારની શોધખોળ ચાલુ રાખી. જેમાં સાત વર્ષની બાળકી જેને થોડી હિન્દી ભાષા આવડતી હતી. તેની પણ મદદ લેવામાં આવી. દાહોદ પોલીસની પણ મદદ લેવાય. આખરે સઘન શોધખોળ બાદ મીરાંનો પરિવાર ઉત્તર પ્રદેશનો હોવાનું જણાઈ આવ્યું. ત્યાંની સ્થાનિક પોલીસની પણ મદદ લેવામાં આવી અને તેમના પતિ મોહનને(કાલ્પનિક નામ) સઘળી હકીકતની જાણ કરવામાં આવી. મોહન પણ તેમના પત્ની–બાળકોની શોધ કરી રહ્યાં હતા. તેઓ તાત્કાલિક દાહોદ આવી ગયાં.

મીરાં અને તેમના ચાર બાળકો કોરોનામાંથી સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયાં હોય તેમને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય આપવામાં આવ્યો હતો. મોહન સાથે આખરે મીરાં અને ચાર બાળકોના મેળાપનું રોમાંચક દૃશ્યે ત્યાં ઊભેલા દરેક વ્યકિતની આંખોમાં હર્ષાશ્રુ લાવી દીધા.

સખી વન સ્ટોપ સેન્ટરનાં સ્ટાફ, ડોક્ટર અને મેડીકલ ટીમ, પોલીસકર્મીઓની સહિયારી મહેનત એક પરિવારની આકરી પરીક્ષામાં પણ સજ્જનરૂપી મોટી મદદ બની રહી.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા




## જીલ્લામાં અત્યાર સુધી ૧૫૩૧ પોઝીટીવ કેસ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોનાનો કાળો કેર આજે પણ યથાવત રહેવા પામ્યો છે. આજે નગરપાલિકા ઉપ પ્રમુખ સહીત વધુ ૧૨ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૫૩૧ને પાર થવા પામ્યો છે.જ્યારે એક્ટીવ કેસોની સંખ્યા ૧૩૪ પર પહોંચી છે.જ્યારે બીજી તરફ નગરપાલિકા પ્રમુખનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.તેમજ દાહોદ નગરપાલિકા ચીફ ઓફિસર પણ છેલ્લા એકાદ અઠવાડિયાથી અસ્વસ્થ હોવાથી હોમ કોરોનટાઇન થયાં હોવાની માહિતીઓ સપાટી પર આવતા પાલિકામાં ખળભળાટ સાથે ફફડાટ ફેલાયો છે.

દાહોદ જિલ્લામાં છેલ્લા બે મહિના ઉપરાંત ના સમયથી કોરોનાના કેસોનો સિલસિલો આજે પણ અકબંધ રહેવા પામ્યો છે.ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૦ આરટીપીસીઆર પૈકી ૭ અને રેપીટ ટેસ્ટના ૧૨૩૩ પૈકી પાંચ મળી કુલ ૧૨ કોરોના પોઝીટીવ દર્દીઓનો સમાવેશ થયો છે જેમાં (૧) પાર્વતી રામભાઈ ચૌહાણ (ઉ.૭૦ રહે. ઝાલોદ દાહોદ), (૨) બતુલ કાલીમભાઈ ગાંગરડીવાલા (ઉ.૨૧ રહે. હુસેની મહોલ્લા દાહોદ), (૩) પ્રશાંતભાઈ ચંદ્રકાંત દેસાઈ (ઉ.૫૭ રહે. દાહોદ), (૪) રાઠોડ વિક્રમસિંહ યશવંતસિંહ (ઉ.૩૦ રહે. પીએચસી અભલોડ ગરબાડા), (૫) ગોસ્વામી દીપક એમ (ઉ.૨૫ રહે. ગુરૂકૃપા સોસાયટી દે.બારીયા), (૬) ચૌહાણ ધર્મેન્દ્ર એમ (ઉ.૩૮ રહે. નગરપાલિકા દે.બારીયા), (૭) સોલંકી જીગર જે (ઉ.૨૯ રહે. રેટીયા પોળ દે.બારીયા), (૮) ભાટરીયા હર્ષ રાજેન્દ્ર (ઉ.૨૪ રહે. ગોવીંદનગર દાહોદ), (૯) રાઠોડ સંગીતા સુરેશભાઈ(ઉ.૪૫ રહે. કુમારઘાટી ફળીયા ભરસડા ગરબાડા), (૧૦) ડામોર વિજયભાઈ મોહનભાઈ (ઉ.૩૬ રહે. હરીજનવાસ ગરબાડા), (૧૧) બધુબેન (ઉ.૭૦ રહે. વૃદ્ધાઆશ્રમ દાહોદ), (૧૨) થીલાવાલા સકીનાબેન સાબીરભાઈ (ઉ.૬૦ રહે. હુસૈની મહોલ્લા દાહોદ) દર્દીઓનો સમાવેશ થાય છે.જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા આજરોજ જાહેર થયેલા દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રીના આધારે તેઓના સંપર્કમાં આવેલા લોકોને કોરોનટાઈન કરવાની તજવીજ હાથ ધરાઈ છે.તેમજ કન્ટેન્ટ ઝોન વિસ્તારમાં સેનેટાઈઝ સહિતની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે.

## દાહોદ કોરોનાનો નગરપાલિકામાં પગપેસારોદોઢ મહિનાના નગરપાલિકાના બે કર્મીઓ સહીત ત્રણ સંક્રમિત થયાં

દાહોદ,

દાહોદ જીલ્લામાં આજરોજ કોરોનાના નવા નોંધાયેલા દર્દીઓમાં પ દાહોદ નગરપાલિકાના ઉપ પ્રમુખ પ્રશાંતભાઈ ચંદ્રકાંતભાઈ દેસાઈનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.જોકે જાણવા મળ્યા પ્રમાણે નગરપાલિકા પ્રમુખ અભિષેક મેડા,ઉપ પ્રમુખ પ્રશાંત દેસાઈ તેમજ ચીફ ઓફિસર અતુલ સિંહા કોઈક કોરોના સંક્રમિત દર્દીના સંપર્કમાં આવતા હોમ કોરોનટાઈન થયાં હતા.અને ગઈકાલે કોરોનાનો રિપોર્ટ કરાવતા નગરપાલિકા પ્રમુખ અભિષેક મેડાનો રેપિડ ટેસ્ટ નેગેટિવ આવ્યો છે.જ્યારે ઉપ પ્રમુખ પ્રશાંત દેસાઈનો RTPCR રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.ત્યારે ચીફ ઓફિસર અતુલ સિંહા છેલ્લા આઠેક દિવસથી અસ્વસ્થ હોવાનું પણ જાણવા મળ્યું છે. અને હાલ હોટલ લક્ષ્મી ઈનમાં કોરોનટાઈન થયા હોવાની પણ ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે.આ અગાઉ પણ નગરપાલિકાના ફૂડ ઈન્સ્પેક્ટર તેમજ બાંધકામ શાખાના કર્મચારી પણ કોરોના કાળમાં કામગીરી દરમિયાન સંક્રમિત થયાં હતા.ત્યારે બીજી તરફ પોતાના આરોગ્યની તકેદારીને ધ્યાનમાં રાખી પાલિકા પ્રમુખ સહિત પાલિકાના કેટલાક કર્મચારીઓ સ્વૈચ્છાએ હોમ આઈસોલેશન હેઠળ હોવાનું જણાઈ આવ્યું છે. કોરોનાએ હવે પાલિકા તરફ પગ પેસારો કર્યો હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. આ સાથે આજે વધુ ૧૯ લોકોએ કોરોનાને મ્હાત આપતા તેઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી અને અત્યાર સુધી કોરોનાથી ૬૯ લોકો મૃત્યુ પામ્યા છે.

## ગરબાડાના નઢેલાવ ગામેથી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

ગરબાડા તાલુકાના નઢેલાવ ગામેથી એક યુવકે એક ૧૪ વર્ષીય સગીરાનું અપહરણ કરી લઈ જઈ યુવક દ્વારા આ સગીરાને પોતાની ફોઈને ત્યા લઈ જઈ ત્યા તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારતા પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે રહેતો રોહીતભાઈ કાશીયાભાઈ પરમારે ગત તા.૧૫મી સપ્ટેમ્બરના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક સગીરાને તેના ઘરેથી મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ ગયો હતો. આ સગીરાને તારીખ ૧૫મી થી ૨૧મી સપ્ટેમ્બરના સમયગાળા દરમ્યાન ઉપરોક્ત યુવકે તેની ફોઈના ત્યા આ સગીરાને લઈ જઈ ત્યા તેણીની સાથે અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ સંબંધે બળાત્કારનો ભોગ બનેલ સગીરાના પિતાએ આ સંબંધે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆ તાલુકાના સેવનીયા ગામમાં છેલ્લા સાત દિવસથી વીજ ધાંધીયા લોકો પરેશાન

દે.બારીઆ,

દાહોદ જીલ્લા ના દેવગઢ બારીઆ તાલુકા ના સેવનિયા રૂપારેલ ગામ ના પુજારા ફળીયા માં લાઈટ નો અંદાજે દસ થી બાર દિવસ થી પ્રોબ્લેમ લોકો જણાવે છે અને આ લાઈટના પ્રોબલ ની જાણ અગાઉ પાંચ થી સાત દિવસ પહેલાં એમ.જી.વી.સી.એલ.દેવગઢ બારીઆના તમામ અધિકારી ઓને લેખિક અને મૌખિક જાણ કરેલ છે. એમ.જી.વી.સી.એલ.ના અધિકારી ઓ આજ કાલ આજ કાલ કરી બહાના બનાવી ને પ્રોબ્લેમ સોલ કરેલ નથી, અને આ લાઈટ ના પ્રોબ્લેમ થી લોકો ને ચોમાસાના દિવસોમાં બહુજ તકલીફ પડે છે. સોમાસાના કારણે જહેરીલા જીવ જન્તુ ને ધ્યાન માં લઈ ને રૂપારેલ ગામના પુજારા ફળીયા ના લોકો અંધકાર માં ડરી ડરી ને જીવન જીવી રહ્યા છે,, અને બીજી બાજુ સરકાર ઓનલાઈન ભણવા ની સિસ્ટમ બાર પાડેલ છે. આવા લાઈટ વિનાના કપરા સમય માં મોબાઈલ કે ટેબ્લેટ ચાર્જ ન થવા ના કારણે બાળકો ઓનલાઈન ભણવા નો લાભ લઈ શકતા નથી જો વિદ્યાર્થી ઓ ના ઉજ્જ્વળ ભવિષ્ય ની સરકાર ને પડેલી હોય તો તાત્કાલિક ધોરણે લાઈટ ની સુવિધા મળે એવી રૂપારેલ ગામના લોકોની માંગ છે.

# ઝાલોદ ફાઈનાન્સ કંપનીના એજન્ટની કામગીરી કરતાં ઈસમે લોન અપાવવાના નામે ૫ લાખ પૈકી જેટલી રકમ લઈ ફરાર થતાં ફરિયાદ

ઝાલોદ,

ઝાલોદમાં પાલિકા પાછળ રહેતા હર્ષિતભાઈ ભાનુપ્રસાદ દવે એક ફાયનાન્સ કંપનીમાં એજન્ટ તરીકે કામ કરતા હતા. ઝાલોદમાં લોકોને મકાન લોન આપવાના બહાને ૮ થી ૧૦ લોકો પાસેથી ૫ લાખ જેટલી માતબર રકમ લઈને ફરાર થઈ ગયા હતા. જે ચર્ચાએ નગરજનોમાં જોર પકડ્યુ હતુ. આ બાબતની ફરિયાદ ઝાલોદ નગરમાં ડબગરવાસમાં રહેતા રાકેશભાઈ હિંમતભાઈ પરમાર એ ઝાલોદ પોલીસ મથકે આપી હતી. રાકેશભાઈ પરમાર તથા તેમના મિત્ર વર્તુળમાં લોન આપવા માટેની બાંહેધરી હર્ષિતભાઈએ આપીને તે માટે પહેલા અમુક રકમ ચુકવવી પડશે તેવી વાત કરી હતી. લોનની લાલચમાં આવીને હર્ષિતભાઈએ ઝાલોદમાં માંડલી–ખુંટા ગામના ગારી જગુભાઈ લીંબાભાઈ સહિત લોકોએ એડવાન્સ ચુકવી દીધા હતા. આ સાથે લોન બાબતે હર્ષિતભાઈને મળવા જતા લોકડાઉનને કારણે લોન થવામાં સમય લાગશે એવુ જણાવવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સમય સાથે હર્ષિતભાઈ જોડે વાત કરતા આ લોકોને ધીરે ધીરે સંતોષકારક જવાબો ન મળતા છેતરાયાની લાગણી અનુભવતા તેમના ઘરે તપાસ કરતા તાળુ મારેલ હતુ. અને ફોન પણ બંધ આવતા આજુબાજુ પુછપરછ કરતા જાણવા મળેલ કે તેઓ બે મહિનાથી અહિંયા નથી રહેતા...ત્યારે રાકેશભાઈ દ્વારા તેમની તેમજ તેમના મિત્ર વર્તુળમાં કરેલ છેતરપિંડી અંગે ફરિયાદ આપવામાં આવી હતી. તેમજ ગામજનોમાં પણ આ અંગે તપાસ કરવાની માંગ જોવા મળી હતી.

# દાહોદ જીલ્લા એ હસ્તકળા ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી

દાહોદ,

સહજ સંસ્થા છેલ્લા ૨૦ વર્ષોથી દાહોદ જિલ્લામાં મહિલા રોજગાર અને સશક્તિકરણ ના કાર્યો સઘન રીતે કરી રહી છે. સહજ ના સતત પ્રયાસો ને કારણે દાહોદ હસ્તકળા ના ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતો જિલ્લો બન્યો છે અને દેશ–વિદેશમાં હસ્તકલાનું બજાર ઉભું કર્યું છે. ૧૪ બહેનોથી શરૂ થયેલું કાર્ય આજે ૫૦૦૦ મહિલાઓ સુધી પહોંચ્યું છે. સહજ ની કામગીરી ને ધ્યાન માં લઈ, ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય હેઠળના ડેવલપમેન્ટ કમિશનર – હેન્ડીક્રાફટ દ્વારા ભારતભરમાં કારીગરો માટે મંજુર થયેલા ૨૦ કલસ્ટર માંથી આદિવાસી મહિલાઓ નું ગુજરાત નું એકમાત્ર કલસ્ટર મંજુર કરાયુ છે. સહજ ૨૦૧૬ થી ડેવલપમેન્ટ કમિશનર હેન્ડીક્રાફટ ની એમપેનલ સંસ્થા છે. સાથે જ નીતિઆયોગ–ભારત સરકાર મા પણ નોંધાયેલ સંસ્થા છે. આ કલસ્ટર હેઠળ ૫૦૦ બહેનોને કારીગર પહેચાન કાર્ડ મળશે, જે તેમને બેંક લોનથી લઈ સરકાર ની વિવિધ યોજનાઓ મેળવવા માં સહાયરૂપ બનશે. આ કલસ્ટર માં આવતા પાંચ વર્ષ દરમ્યાન બહેનો ની તાલીમ, ડીઝાઈન ડેવલપમેન્ટ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ, એક્ઝિબિશન, ટુલકીટ ડીસ્ટીબ્યુશન, ક્રાફ્ટ ડેમોન્સ્ટ્રેશન સહિતની અનેક પ્રવૃત્તિઓ હાથ ધરાશે. પ્રથમ ચરણમાં તાઃ ૨૧–૦૯–૨૦૨૦ ના રોજ લીમખેડા તાલુકાના ઢઢેલા ગામે આવેલ સહજ કેમ્પસ મા ૫૦ બહેનો ને સિલાઈ મશીન અને ટુલકીટ આપવામાં આવી. એ સાથેજ બે ડીઝાઈન વર્કશોપ ની શરૂઆત પણ કરવામાં આવી. જેમાં નીફટ એનઆઈડી ના ડિઝાઈનરો ૬૦ બહેનોને નવી ડીઝાઈન અને તાલીમ પુરી પાડશે.

આ કાર્યક્રમ માં ગીરીશ કુમાર સીંઘલ, આસી. ડાયરેક્ટર, ડેવલપમેન્ટ કમિશનર, અમદાવાદ થી ખાસ હાજરી આપી યોજના વિષે વિસ્તારથી માહીતી આપી હતી. તે સાથે જ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ના જનરલ મેનેજર દવે સાહેબ અને ગુજરાત વડોદરા ગ્રામીણ બેંક ના મેનેજર સંજયભાઈ પુરોહિત સાહેબે ઉપસ્થિત રહી તમામ પ્રકારના સહયોગ ની બાહેંધરી આપી હતી.

આ સાથે જ સંસ્થા ના સ્થાપક અને નિયામક જબીનબેન જાંબુઘોડાવાલાએ મહિલાઓ ને સ્વનિર્ભર બનાવવાની દિશામાં થયેલા આયોજનો વીશે વિદીત કર્યા.

સંસ્થા ના પ્રમુખ પ્રબંધક વિજયપ્રકાશભાઈ જાની એ સંસ્થા ની વેચાણ વ્યવસાય અને ઈ–માર્કેટીંગ વિશે સમજ આપી. સહજ ના એડવાઈઝરી કમીટીના મેમ્બર મુન્નાભાઈ યાદવે સ્થાનિક મુશ્કેલીઓ અને પ્રશ્નો થી મહેમાનો ને અવગત કર્યા. કપરા સંજોગોમાં પણ કાર્યરત સંસ્થા અને બહેનો ને ધૈર્ય અને લગન સાથે કામ કરવા ની સલાહ આપી હતી.

## દાહોદ જીલ્લામાં બે અલગ અલગ સ્થળેથી ૪ બાઈકોની ચોરી જતાં વાહન ચાલકોમાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાંથી બે જુદી જુદી જગ્યાએથી એક સાથે ચાર મોટરસાઈકલોની ઉઠાંતરી થતાં દાહોદ જિલ્લામાં મોટરસાઈકલ ચોરોનો આતંક વધવા માંડ્યો છે. દિનપ્રતિદિન વધતા વાહન ચોરીના બનાવોથી વાહન માલિકોમાં રોષની લાગણી સાથે ફફડાટ પણ ફેલાયો છે.

ખંગેલા ગામે ઘેડ ફળિયામાં રહેતા મહેશભાઈ જામસીંગભાઈ મેડા અને તેમના જમાઈ રાહુલભાઈની એમ બંન્ને મોટરસાઈકલો મહેશભાઈના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ બંન્ને મોટરસાઈકલોને ગત તા.૧૧મી સપ્ટેમ્બરના રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈનાસી જતાં આ સંબંધે મહેશભાઈ જામસીંગભાઈ મેડાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મોટરસાઈકલ ચોરીનો બીજો બનાવ ધાનપુર તાલુકાના ઘોડાઝર ગામે બનવા પામ્યો હતો. જેમાં ભગત ફળિયામાં રહેતા ભરતભાઈ પ્રતાપભાઈ પરમારની અને આગાસવાણી ગામે પટેલ ફળિયામાં રહેતા રાકેશભાઈ નવલાભાઈ તડવીની ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ આ બે મોટરસાઈકલો ગત તા.૧૫મી સપ્ટેમ્બરના રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમો પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ જતાં આ સંબંધે ભરતભાઈ પ્રતાપભાઈ પરમારે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆ તાલુકાના બે અલગ અલગ સ્થળે લગ્નના ઈરાદે બે સગીરા ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકામાંથી બે જુદી જુદી જગ્યાએથી બે સગીરાઓને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી બે યુવકો અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરા ગત તા.૧૨મી ઓગષ્ટના રોજ દેવગઢ બારીઆ નગરના બસ સ્ટેશન ખાતે બસની રાહ જોઈ ઉભી હતી. આ દરમ્યાન મોરવા(હ) તાલુકાના માતરીયા ગામે રહેતો રૂતિક અશોકભાઈ હરીજન ત્યા આવ્યો હતો અને સગીરાને પ્રેમના પાઠ ભણાવી, પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતા આ સંબંધે સગીરાના પિતાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના કેલીયા ગામે બનવા પામ્યો હતો જેમાં ધાનપુર તાલુકાના સીંગાવલી ગામે રહેતો પંકજભાઈ મલીયાભાઈ પરમાર તથા તેની સાથે બીજો એક ઈસમ મળી બંન્ને જણાએ ગત તા.દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને કેલીયા ગામેથી પંકજભાઈએ પોતાના મીત્રની મદદ લઈ સગીરાને પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતા આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદના કઠલા ગામે મોબાઈલ ટાવર કંપાઉન્ડમાંથી ૨૪ બેટરી ચોરી કરીજતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામે આવેલ મોબાઈલ ટાવરના કમ્પાઉન્ડમાંથી અજાણ્યા ચોર ઈસમોએ જુની વપરાયેલી બેટરીઓ નંગ.૨૪ કિંમત રૂા.૧૫,૬૦૦ ની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. કઠલા ગામે આવેલ ઈન્ડસ મોબાઈલના ટાવરના કમ્પાઉન્ડમાં ગત તા.૨૨મી સપ્ટેમ્બરના રોજ તસ્કરો પ્રવેશ્યા હતા અને કમ્પાઉન્ડમાં મુકી રાખેલ અમરરાજા ૬૦૦ એ.એચ.કંપનીના સેલ (બેટરી) જુના વપરાયેલા નંગ.૨૪ જેની કુલ કિંમત રૂા.૧૫,૬૦૦ના મુદ્દામાલની કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે આ કંપનીમાં નોકરી કરતાં ઈશ્વરસિંહ લક્ષ્મણસિંહ રાઠોડે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઝાલોદના છાયણા ગામે દારૂની હેરાફેરી કરતા કિશોર મળી બે વ્યકિતની ૨૬ હજારના દારૂ સાથે ઝડપી લેવાયા

દાહોદ,

ઝાલોદ તાલુકાના છાયણ ગામેથી વિદેશી દારૂની હેરાફેરી કરતો એક બાળક કિશોર મળી બે જણાને મોટરસાઈકલ સાથે વિદેશી દારૂ કિંમત રૂા.૨૬,૯૦૧ ના પ્રોહી જથ્થા સાથે પોલીસે ઝડપી પાડ્યાનું જાણવા મળે છે.

દાહોદ તાલુકાના છાપરી ગામે રહેતો રવિભાઈ કિશોરભાઈ સીસોદીયા તથા તેની સાથે એક ૧૭ વર્ષીય બાળ કિશોર એમ બંન્ને જણા ગત તા.૨૨મી સપ્ટેમ્બરના રોજ ઝાલોદ તાલુકાના છાયણ ગામેથી પોતાના કબજાની મોટરસાઈકલ પર મીણીયાના થેલામાં વિદેશી દારૂનો જથ્થો ભરી હેરાફેરી કરતાં હતા. આ અંગેની બાતમી પોલીસને થતાં પોલીસે તેઓનો પીછો કરી બંન્નેને ઝડપી પાડ્યા હતા.

## દાહોદ જીલ્લામાં ૭ ગુનાઓના આજીવન કેદ સજા કાપતા ભાગેડુ આરોપીને પોલીસે ઝડપ્યો

દાહોદ,

છેલ્લા ત્રીસ વર્ષથી આજીવન કેદના ફ્લો ફરારી અને ધાડ, લુંટના મળી કુલ ૭ ગુન્હાઓનો આરોપી રામસીંગભાઈ ધનજીભાઈ ડામોર (રહે. અણીકા, તા.ઝાલોદ,જિ.દાહોદ)ને એલ.સી.બી.પોલીસે વસલાડ જિલ્લાના ઉમરગામ ખાતેથી ઝડપી પાડ્યાનું જાણવા મળે છે.

આરોપી રામસીંગભા ધનજીભાઈ ડામોર વિરૂધ્ધ દાહોદ જિલ્લાના ઝાલોદ પોલીસ મથકે ધાડ,લુંટના મળી કુલ સાત ગુનાઓ નોંધાયા હતા અને તેને આજીવન કેદની સજા કરવામાં આવી હતી. આ આરોપીને પેરોલ ફ્લો પર છોડવામાં આવ્યો હતો અને ત્યાર બાદ તે પરત જેલમાં હાજર ન થતાં ફરાર જાહેર કરાયો હતો. દાહોદ એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, આ આરોપી વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સતડીયા પુડાવારી ફળિયામાં પોતાનું નામ બદલી રહેતો હતો. પોલીસની ટીમ ગતરોજ ઉમરગામ જઈ સઘન તપાસ કરી બોચ પણ ગોઠવી હતી અને જેવો આ આરોપી જોવાતા પોલીસે તેને દબોચી લીધો હતો. મળતી માહિતી પ્રમાણે આ આરોપીને વડોદરા ખાતેની મધ્યસ્થ જેલમાં મોકલી દેવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી રહી છે.

## ઝાલોદના તબીબ ની ઉભેલી કાર ને નશામાં ચિક્કાર થઈ હંકારી રહેલા SRP જવાન ની કારે ટક્કર મારતા ફરિયાદ

ઝાલોદ,

ઝાલોદના રાધિકા હોસ્પિટલના તબીબ આકાશ હાંડા પોતાની આઈ ટ્વેન્ટી કારમાં સમગ્ર પરિવાર સાથે ગત રવિવાર ના રોજ સાંજે દાહોદ થી પરત ફરી રહ્યા હતા, ત્યારે રેંટિયા ગામ નજીક સામેથી આવી રહેલી વેગન આર ગાડી પુરપાટ અને ગફલત ભરી રીતે આવી રહી હોવાનું જણાતા તેઓ એ પોતાની કાર રસ્તા ની સાઈડ માં રેંટિયા ગામ આગળ ઊભી કરી દીધી હતી. પરંતુ આ કાર ચાલક નશામાં હોવાથી તેને ગાડી પર નો કાબૂ ગુમાવી અને તબીબ ની ઉભેલી કાર ને ધડાકાભેર ટક્કર મારી હતી. જેને કારણે ગાડી માં સવાર તબીબ ના પરિવાર ના સભ્યો ને નાની મોટી ઈજાઓ થઈ હતી. ડો. આકાશ એ ગાડી માંથી ઉતરી અને આ વેગન આર કાર ના ચાલક સાથે વાત કરતા, ચાલક એક દમ ચિક્કાર નશાની હાલત માં જોવા મળ્યો હતો અને પોતે એસ આર પી હોવાનો રોફ બતાવી અને થાય તે કરી લેવાનું કહેતા. ડો. આકાશ એ આ અંગે દાહોદ રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ કરવામાં આવતા પોલીસે મૂળ રાજપર તા. ધ્રોલ જી. જામનગર ના વતની અને માં એસ આર પી ગ્રુપ ૨૧ માં નોકરી કરતા અને હાલ દાહોદ પોલીસ લાઇન માં રહેતા નરેન્દ્રસિંહ તાન સિંહ જાડેજા વિરૂદ્ધ ચિક્કાર દારૂ પી અને ગફલતભરી રીતે ગાડી હંકારી અને અન્ય લોકો ના જીવ પર જોખમ ઉભુ કરી બેદરકારી દાખવવા બદલ ફરિયાદ નોંધી અને આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 29

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# કામદારોની છટણી કરતા પહેલા ૩ મહિનાની ફરજિયાત નોટિસ આપવી પડશે



અમદાવાદ,
વિધાનસભા ગૃહમાં રજૂ કરાયેલું ગુજરાત ઔદ્યોગિક તકરાર સુધારા વિધેયક પસાર કરવામાં આવ્યું છે. ઔદ્યોગિક તકરાર બિલમાં કામદારોને છટણી કરવાની થાય તો ૩ મહિનાની ચાલુ પગારની ફરજિયાત નોટિસ આપવી પડશે. ૩ મહિનાનો નોટિસ પગાર આપીને છૂટા કરી શકાશે નહીં. અગાઉ ગુજરાતમાં અમુક સંસ્થાઓમાં લે-ઓફ, છટણી અને ઔદ્યોગિક સંસ્થા બધ કરવાને લગતી ખાસ જોગવાઈ હતી. તે અંતર્ગત કલમ ૨૫(કે)માં હાલની જોગવાઈઓ મુજબ ૧૦૦કે તેથી વધુ કામદાર ધરાવતી સંસ્થાએ કામદોરોને લે-ઓફ, છટણી તથા સંસ્થા બંધ કરતા પહેલા સરકારની પૂર્વ પરવાનગી લેવી જરૂરી છે. પરંતુ હવેથી એમા સુધારો કરવાથી આ કાયદો ૩૦૦ કે તેથી વધારે કામદારો ધરાવતી સંસ્થાઓને લાગુ પડશે.

શ્રમ રોજગાર મંત્રી દિલિપ કુમાર ઠાકોરના જણાવ્યાનુસાર હાલમાં કામદારોને નોકરીમાંથી છૂટા કરવા, સંસ્થા બંધ કરવા સમયે સળંગ નોકરીના દરેક પૂરા થતાં વર્ષ અથવા તેના કોઈ ભાગ માટે ૧૫ દિવસનો સરેરાશ પગરા જેટલું વળતર આપવાની જોગવાઈ છે. પરંતુ હવે રાજ્ય સરકારે આ જોગવાઈમાં સુધારો કર્યો છે કે હવેથી દિવસના સરેરાશ પગાર ઉપરાંત વળતરમાં વધારો કરીને છેલ્લા ૩ મહિનાના સરેરાશ પગાર જેટલી રકમ વળતર તરીકે આપવાની જોગવાઈ કરવામાં આવી છે. તેમના જણાવ્યાનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના પ્રકરણ-૫બી અંતર્ગતની જોગવાઈઓ ખાસ કરીને મોટી સંસ્થામાં કાર્યરત શ્રમયોગીઓને રક્ષણ પૂરું પાડવા માટે છે. અગાઉ કામદારોને ૩ મહિનાની નોટિસ કે પગાર આપીને તાત્કાલિક અસરતી છૂટા કરી શકે તેવી જોગવાઈ હતી. એમા પણ હવે સરકારે ખાસ સુધારો કર્યો છે.

આ સુધારાથી કામદારને ફરજિયાત ૩ મહિનાની નોટિસ આપવાની રહેશે. નોટિસ પગાર આપીને છટણી કરી શકશે નહીં. રાજ્ય સરકાર દ્વારા કરાયેલી નવી વધારાની જોગવાઈ એવી છે કે, ૧૦૦થી ૩૦૦ કામદારો ધરાવતા સંસ્થાઓને પણ આ અધિનિયમની જોગવાઈ લાગુ પાડી શકાશે. વિધાનસભામાં ૪ બિલ પસાર કરાયા છે, જેમાં અગાઉ વટહુકમથી અમલમાં લવાયેલા ઔદ્યોગિક તકરાર વિધેયક, કોન્ટ્રાક્ટ મજૂર વિધેયક, કારખાના વિધેયક, મજૂર કાયદા વિધેયકનો સમાવેશ થાય છે. કારખાના કાયદાની ભંગ બદલ જે સજાની જોગવાઈ હતી તે હળવી કરીને સમાધાન કે માંડવાળી અને દંડ દાખલ કરાયો છે.

### ૨૦૧૬નો નિર્ણય રૂપાણી સરકારે બદલ્યો


## ખાનગી શાળામાં અભ્યાસ કરતા ગુજરાતના છાત્રોને પણ મળશે શિષ્યવૃત્તિ




ગાંધીનગર,
સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જિલ્લાની ખાનગી શાળામાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓમાં છેલ્લા ચાર વર્ષથી મળવાપાત્ર સ્કોલરશીપ બંધ કરવામાં આવી હતી જે અંગે અનેક વખત આગેવાનો સહિત સામાજીક કાર્યકરોએ સરકાર સહિત ઉચ્ચકક્ષાએ રજુઆતો કરી હતી. જેના ભાગરૂપે રાજ્ય સરકારના અનુ.જાતિ કલ્યાણ વિભાગ દ્વારા અનુ.જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનો નિર્ણય કરવામાં આવતાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી છે. આ અંગે સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા ખાનગી શાળામાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવતી હતી પરંતુ વર્ષ ૨૦૧૬થી સરકાર દ્વારા આ સ્કોલરશીપ બંધ કરવામાં આવી હતી. જે અંગે દુધરેજ ખાતે રહેતાં સામાજીક કાર્યકર વિનોદભાઈ મકવાણા સહિતનાઓએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સહિત ઉચ્ચકક્ષાએ ફરી સ્કોલરશીપ આપવા રજુઆતો કરી હતી. જેને ધ્યાને લઈ સરકાર દ્વારા ધોરણ-૧ થી ૮ માં ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ યોજના અંતર્ગત ધોરણ-૧ થી ૫ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂા.૫૦૦, ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ વિદ્યાર્થીને રૂા.૫૦૦ તથા

વિદ્યાર્થીનીને રૂા.૭૫૦ તેમજ ગણવેશ સહાય યોજના અંતર્ગત ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂા.૬૦૦ ગણવેશ સહાય પેટે આપવાનો નિર્ણય કર્યો છે અને નવા શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓને આ લાભ મળવાપાત્ર હોય હાલ ફોર્મ ભરી શકશે. આમ છેલ્લા ચાર વર્ષથી રાજ્ય સરકાર દ્વારા બંધ કરવામાં આવેલ ખાનગી શાળામાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થીઓની સ્કોલરશીપ ફરી શરૂ થતાં અનુ.જાતિના વિદ્યાર્થીઓ સહિત વાલીઓને મદદરૂપ થતાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૧૬૩ થયો




ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૧૬૩ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૪, હાલોલ-૦૭, કાલોલ-૦૧,શહેરા-૦૨, જાંબુઘોડા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

**- ૨૧ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૨૩૫.**
**- મૃત્યુ આંક - ૧૦૨.**

### પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા-૧૪, હાલોલ-૦૭, કાલોલ-૦૧, શહેરા-૦૨, જાંબુઘોડા-૦૧

**-: ગોધરા :-**

દેવુભાઈ પાંડે-૩૩ વર્ષીય પુરૂષ- વાવડી ખુર્દ, રમણલાલ ખડાયતા-૭૧ વર્ષીય પુરૂષ- ગોધરા સિવિલ,સોનલબેન જસંવતભાઈ પઢીયાર-૫૦ વર્ષીય મહિલા- આઈટીઆઈ સોનીવાડી, સાવલાણી પુજાબેન વાસુદેવભાઈ – ૫૦ વર્ષીય મહિલા-૩૪ મુકતાનંદ બામરોલી રોડ, પુવાર બહાદુરસિંહ કરણસિંહ-૨૪ વર્ષીય પુરૂષ- મોટું ફળીયું, જાદવ સાગરકુમાર નરવતભાઈ-૨૧ વર્ષીય પુરૂષ- નવોદય, જાદવ કલ્યાણસિંહ વખતસિંહ-૬૧ વર્ષીય પુરૂષ- બી-૨૫ સમ્રાટનગર સોસા., રમાબેન સંપતસિંહ શના પરમાર-૬૫ વર્ષીય મહિલા- નિશાળ ફળીયું કાંકણપુર, ગોવિંદભાઈ પુજાભાઈ વણકર-૪૦ વર્ષીય પુરૂષ- પીપળા ફળીયા ટુવા, પટેલ મુળજીભાઈ રયજીભાઈ-૬૪ વર્ષીય પુરૂષ- ચંદ્રિકા વિહાર સોસા., અશોક ગોવરમલ લખવાણી-૫૫ વર્ષીય પુરૂષ- શિવ શકિત ભુરાવાવ, શર્મિષ્ઠાબેન હિતેશભાઈ ડગલી-૫૮ વર્ષીય મહિલા- ૩૫ વૃંદાવન નગર, વિમલાબેન કલ્યાણસિંહ જાદવ-૬૦ વર્ષીય પુરૂષ- બી.૨૫ સમ્રાટ નગર સોસા., બારીઆ સુરેશભાઈ અમરભાઈ-૫૩ વર્ષીય પુરૂષ- પીપડીયા ફળીયા જાફરાબાદ.

**-: હાલોલ :-**

ડાૅ. જીગ્નેશ મુકુંદ વરીઆ-૩૪ વર્ષીય પુરૂષ- અયોધ્યા નગર, કિરીટ ચમરા પટેલ-૪૦ વર્ષીય પુરૂષ- રણછોડ નગર, પ્રજ્ઞેશભાઈ મહેશભાઈ પટેલ-૪૮ વર્ષીય પુરૂષ- કંજરી રોડ, શકત પોકરું વરીઆન-૫૪ વર્ષીય પુરૂષ- સુપ્રિમ કંપની, સતિષભાઈ નગીનભાઈ સોલંકી-૨૯ વર્ષીય પુરૂષ- રામશેરા બ્રમાણ ફળીયું, ગુલાબ કનુભાઈ ચરકોટ-૨૬ વર્ષીય પુરૂષ- કલ્પતરૂ, વિજયભાઈ નટવરભાઈ ઠકકર-૪૮ વર્ષીય પુરૂષ- દર્પણ સોસા.પાસે.

**-: શહેરા :-**

વિજયાબેન ઉપેન્દ્ર પાઠક-૬૨ વર્ષીય મહિલા- વ્યાસવાડા,સોલંકી ચંદનસિંઈ હિંમતસિંઈ-૭૬ વર્ષીય પુરૂષ- રાજપુર ફળીયું બોરડી.

**-: જાંબુઘોડા :-**

મહેશ રમેશ પંચોલી-૪૫ વર્ષીય પુરૂષ- જાંબુઘોડા.

**-: કાલોલ :-**

**શાંતાબેન કિરણસિંહ સોલૈંકી-૭૨** વર્ષીય મહિલા- નાનુ ફળીયું મેદાપુર.

## મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે ઈકો ગાડીમાં લઈ જવાતા ૬૨ હજારના દારૂ સાથે બે ઈસમો ઝડપ્યા

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના ખાબડા ગામ તરફ મોરવા(હ) પોલીસ પેટ્રોલીંગમાં હોય દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી ઈકો ગાડીને રોકી હતી. ચેકીંગ કરતા વ્હીસ્કી માર્કાની પેટીઓ નંગ-૧૩ પ્લાસ્ટીક કવાટરીયા કુલ ૬૨,૪૦૦/-રૂપીયાનો દારૂ અને ગાડી મળી ૧,૬૪,૪૦૦/-રૂપીયાના બે ઈસમોને ઝડપી પાડવામા આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના ખાબડા ગામ તરફ મોરવા(હ) પોલીસ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન રોડ ઉપરથી પસાર થતી શંકાસ્પદ ઈકો ગાડી નંબર જીજે.૦૧.ડીવાય.૨૦૫૩ને રોકી હતી અને ગાડીની તપાસ હાથ ઘરી હતી. તપાસ દરમ્યાન ગાડી માંથી સિલેકટ ડીલેક્ષ વ્હીસ્કી માર્કાની પેટીઓ નંગ-૬૨૪ કિંમત ૬૨,૪૦૦/-રૂપીયા તથા ઈકો ગાડી મળી ૧,૬૨,૪૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે રમેશ બાબુભાઈ તડવી, ગૌરાંગભાઈ શૈલેષભાઈ ભાભોરને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના જીતપુરા ગામે બંધ મકાન માંથી ૪૬ હજારની મત્તાની ચોરી તસ્કરો કરતાં વેજલપુર પોલીસ મથકે ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકાના જીતપુરા ગામે બસ સ્ટેશન સામે આવેલ બંધ મકાનને ચોર ઈસમો એ નિશાન બનાવ્યું હતું. દરમ્યાન તાળું તોડી ઘરમાં તિજોરી અને કબાટ માંથી સોના-ચાંદીના દાગીના રોકડ રૂપીયા મળી ૪૭,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતા આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના જીતપુરા ગામે બસ સ્ટેશન સામે રહેતા જયદિપસિંહ સોલંકીના બંધ મકાનને તસ્કરો એ નિશાન બનાવ્યું હતું. ચોર ઈસમો એ ઘરના દરવાજાનું તાળું તોડી ઘરમાં રાખેલ તિજોરી અને કબાટ માંથી રોકડા ૨૦ હજાર રૂપીયા, સોનાની વીંટી, ચાંદીના છડા, ચાંદીના સિક્કા, ચાંદીના ઝોલા નંગ-૨ મળી કુલ ૪૭,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલનો ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલ MGS ગરનાળા પાસે નંબર વગરની બાઈક ઉપર લઈ જવાતો ૪૮૦૦ રૂપીયાનો દારૂ ઝડપ્યો

કાલોલ,
કાલોલ પોલીસ એમ.જી.એસ. ગરનાળા પાસે વાહન ચેકીંગમાં હતી. તે દરમ્યાન નંબર વગરની બાઈક ઉપર પસાર થતો ઈસમ પોલીસને દેખીને બાઈક છોડી નાશી છુટીયો હતો. પોલીસે તપાસ કરતાં બાઈક ઉપર રાખેલ થેલામાંથી ૧૧ નંગ ઈંગ્લીશ દારૂ બોટલ કિંમત ૪૮૪૦/-રૂપીયા બાઈક મળી ૩૯,૮૪૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ પોલીસ એમ.જી.એસ. ગરનાળા પાસે વાહન ચેકીંગમાં હતી. દરમ્યાન નંબર વગરની બાઈક ઉપર પસાર થતો ઈસમ દુર થી પોલીસ ચેકીંગ દેખીને બાઈક અને થેલો છોડી નાશી છુટીયો હતો. પોલીસે થેલાની તપાસ કરતાં ઈંગ્લીશ દારૂની પ્લાસ્ટીક બોટલ નંગ-૧૧ કિંમત ૪૮૪૦/-રૂપીયા તેમજ બાઈક મળી ૩૯,૮૪૦/-રૂપીયાનો મુદ્દામાલ કબજે લીધો હતો. આ બાબતે કાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ ફરિયાદ નોંધાઈ.

## પંચમહાલ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરી દ્વારા સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષય પર વેબિનાર યોજાશે

ગોધરા,
જિલ્લા રોજગાર કચેરી, ગોધરા દ્વારા આવતીકાલે ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરે ૧૬.૦૦ કલાકે સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષય પર ઈ-સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. ગૂગલ મીટના માદયમથી યોજાનાર આ સેમિનારમાં વહેલા તે પહેલાના ધોરણે ૧૦૦ ઉમેદવારો જોડાઈ શકશે. એ બાદ સેમિનારમાં ભાગ લેવા ઉમેદવારો જિલ્લા રોજગાર કચેરીનું ફેસબુક પેજ લાઈવમાં જોડાઈને સેમિનારનો લાભ ઉઠાવી શકે છે. વેબિનાર માટેની ગૂગલ મીટ લિન્ક meet.google.com/emt-tdqn-frz રહેશે. જ્યારે ફેસબુક પેજ લાઈવ માટેનું એડ્રેસ https://www.facebook.com/employment.gujarat.gov.in રહેશે. દરેક ઉમેદવારોએ Google meet આ દ્વારા વેબિનારમાં જોડાયા બાદ માઈક બંધ રાખવાનું રહેશે. વેબિનારના અંતે કોઈને પ્રશ્ન હોય તો કોમેન્ટ્સ બોક્સમાં જઈને ટાઈપ કરીને અથવા માઈક ઓન કરીને પ્રશ્ન પૂછી શકે છે. ઉમેદવારને સ્કીન શેરીંગ ન કરવા રોજગાર કચેરી, ગોધરાની અખબારીયાદીમાં જણાવાયું છે.

## પંચમહાલ જિલ્લામાં હાલોલ અને શહેરાના કુલ ૧૧ વિસ્તારો કલસ્ટરમુક્ત જાહેર કરાયા

ગોધરા,
પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એલ.બી બાંભણિયા દ્વારા ધ ગુજરાત એપિડેમિક ડિસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ની કલમ-૧૧ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ-૩૦ અને ૩૪ હેઠળ મળેલા અધિકારની રૂએ જિલ્લાના કલસ્ટર કન્ટેઈન્મેન્ટ એરિયા તરીકે જાહેર કરેલ વિસ્તારો પૈકી વધુ ૧૧ વિસ્તારોને કલસ્ટરમુક્ત જાહેર કરતો હુકમ કરવામાં આવ્યો છે. મુક્ત કરાયેલ વિસ્તારોમાં હાલોલ નગરપાલિકામાં સમાવિષ્ટ નર્મદાનગર-૦૨, મસ્જિદ ફળિયા (બાસ્કા રોડ), પનોરમા ચોકડી (ગણેશનગર-૦૧), આમ્રપાલી સોસાયટી-૦૩, હરિજનવાસ, જય યોગેશ્વર સોસાયટી, પૂજા સોસાયટી-૨, મંગલપાર્ક-૨, રહીમ કોલોની-૨, સુથાર ફળિયા (વેડનો વિસ્તાર), શહેરા નગરપાલિકામાં સમાવિષ્ટ સિંધી સોસાયટી સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

## કાલોલ પોલીસ મથકના મધવાસ ગામે સ્ટેટ મોનીટરીંગ વિભાગે ૧.૬૦ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવાના કિસ્સામાં ૩ પોલીસ કર્મી સસ્પેન્ડ કરાયા

કાલોલ,
કાલોલના મધવાસના ૧૮ સપ્ટે.ના રોજ સ્ટેટ મોનીટરીંગ વિભાગ-ગાંધીનગર દ્વારા ત્રણ બુટલેગર સાથે રૂ.૧,૬૦,૦૦૦નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બે કાર, મોબાઈલ મળી કુલ રૂ.૮,૦૫,૦૬૦નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ વીજીલન્સની રેડના ઘેરા પ્રત્યાઘાતો કાલોલ પોલીસ સ્ટેશનમાં પડ્યા હતા. અને વિસ્તારના જવાબદાર પોલીસ કર્મીઓની જવાબદારી સામે સવાલો ઉઠવા પામ્યા હતા. જેના પરિણામે અંતે મંગળવારે જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીના હુકમ મુજબ કાલોલ પોલીસ સ્ટેશનના ત્રણ પોલીસ કોન્સ્ટેબલો જેમાં કમલેશ પી.કણોતરા, નિતેશ મકવાણા, અને અનિરૂદ્ધ પરમારને પોલીસવડા દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જેના કારણે કાલોલ પોલીસ સ્ટેશનમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આમ આવી કડક શિસ્ત પ્રતિક્રિયાથી કાલોલ પોલીસ પણ હરકતમાં આવી ગઈ હતી.

## દે.બારીઆના ડાંગરીયા ગામે ગાડીની ટક્કરે બાઈક સવાર બે યુવકોના મોત

દે.બારીઆ,
દે.બારીઆ તાલુકાના ડાંગરીયા ગામે બાઈક સવાર બે યુવકોને અજાણી ગાડીએ ટકકર મારતા બંને યુવકોના ઘટના સ્થળે મોત નીપજયાં હતા. જે અંગેની ફરિયાદ દે.બારીઆ પોલીસ મથકે નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકાના આંકલી ગામના નિલેશ ઝવર બારીયા તથા તેમના ગામનો કલપેશ બળવંત બારીયા તેના કાકાની ગાડી લઈ બારીયા તેમના કામ અર્થે ગયા હતા. અને આ બંને છોકરાઓને તેમના મોબાઈલ નંબર ઉપર મોડી સાંજ સુધી સંપર્ક કરતા તેમનો કોઈ જવાબ મળતો ન હતો. જેથી રાત સુધી આ છોકરાઓ પરત નહિ ફરતા તેમના પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. જેથી બીજે દિવસે સવારે કોઈ અજાણ્યા માણસે ફોન માર કહ્યુ હતુ કે, ડાંગરીયા ગામે રોડની સાઈડમાં કોઈ અજાણ્યા વાહનની ટક્કરના લીધે બે છોકરાઓ બાઈક સાથે અથડાઈને નીચે પડ્યા છે. આ ખબર મળતા આંકલી ગામના ઝવર રામસિંગ બારીયા તથા ફળિયાના બીજા માણસો સ્થળ પર દોડી ગયા હતા. જો કે આ બંને છોકરાઓને સારવાર માટે બારીઆ સરકારી દવાખાને લઈ જવાયા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનુ મોત થતા બનાવની પોલીસ તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆના વેડ ગામ પાસે ગાડીમાંથી સાગ અને સિસમના લાકડા સાથે એક ઝડપાયો

ધાનપુર,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રતનમહાલ અભ્યારણ્ય વિસ્તાર વન્ય પ્રાણીઓ માટે સુરક્ષિત છે. ત્યારે અહિંથી જંગલ વિસ્તારમાંથી પણ ઈમારતી લાકડાઓનુ નિકંદન થાય છે. ત્યારે ગત ૧૮મી ની રાત્રિએ કંજેટા વનવિભાગને બાતમી મળી હતી કે, ભીંડોલ ગામનો રમેશભાઈ પુવાર જંગલ વિસ્તારમાંથી મહિન્દ્રા ગાડીમાં ઈમારતી લાકડાઓ ભરીને નાકા પરથી પસાર થવાનો છે. જેથી વન વિભાગનો સ્ટાફ નાકા પાસે વોચમાં હતો દરમિયાન આ ગાડી નં-જીજે-૨૦-યુ-૪૮૮૬ નાકા ઉપર ઉભી નહિ રાખી અને વાહન ચેકિંગ માટે મુકવામાં આવેલ આડસને તોડીને ચાલ્યા કે હંકારી મુકી હતી. વનવિભાગે તેનો ફિલ્મી ઢબે પીછો કરીને તેમજ દે.બારીઆ વનવિભાગનો પણ સહયોગ મેળવીને લગભગ ૧૩ કિમી દુર વેડ ચોકડી પાસેથી લાકડા સાથે ઝડપી પાડ્યો હતો. જેમાંથી ૧૨ નંગ સાગ અને એક નંગ સીસમનુ લાકડું મળીને કુલ ૨,૬૨,૧૦૮ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરીને ભીંડોલ ગામના રમેશભાઈ પુવારની વિરુદ્ધ વન અધિનિયમ અંતર્ગત ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### આ રીતે ભણશે ગુજરાત

## શહેરી વિસ્તારમાં ૧૨૩ પ્રાથમિક શાળા અને ૧ માધ્યમિક શાળા થઈ બંધ



વડોદરા,
ગુજરાત વિધાનસભામાં શહેરી વિસ્તારમાં પ્રાથમિક અને માધ્યમિક શાળા બંધ થઈ અને નવી શરૂ થઈ તે મુદ્દો ઉઠ્યો હતો. જેમાં શહેરી વિસ્તારમાં ૧૨૩ પ્રાથમિક શાળા બંધ થઈ અને એક માધ્યમિક શાળા બંધ થઈ હોવાનું સામે આવ્યુ છે. રાજકોટની મોહનદાસ ગાંધી વિદ્યાલયમાં ગાંધી મ્યુઝિયમ બનવાના કારણે તે શાળા બંધ કરવામાં આવી છે. જોકે રાજ્ય સરકારે એક હજાર ૧૫૭ નવી પ્રાથમિક શાળામાં ૨,૮૧૬ વર્ગ વધારાની મંજૂરી આપી છે.

જ્યારે ૨૪૬ નવી માધ્યમિક શાળામાં ૫૬૯ વર્ગ વધારાની મંજૂરી આપી છે. શહેરી વિસ્તારમાં ૧૨૩ પ્રાથમિક શાળા અને એક માધ્યમિક શાળા થઈ બંધ. એક પણ વિધાર્થી ન હોવાને કારણે મર્જ કે બધ કરવામો સરકારે કબૂલાત. રાજકોટ મોહનદાસ ગાંધી વિદ્યાલય શાળામાં મહાત્મા ગાંધી મ્યુઝીમ બનાવને કારણે કરી બંધ. રાજ્ય સરકારે ૧૧૫૭ નવી પ્રથમીક શાળાને અને ૨૮૧૬ પ્રથમીક શાળાને વર્ગ વધારાની આપી મજૂરી. રાજ્ય સરકારે ૨૪૬ નવી માધ્યમિક શાળાને અને ૫૬૯ માધ્યમિક શાળાને વર્ગ વધારાની આપી મજૂરી.